





આવડે નહીં છતાં ય બોલ્યા વિના રહેતા નથી!
નિરર્થક છતાં મોટું ખોલ્યા વિના રહેતા નથી!
ફીફાં ફોલ્યા વિના રહેતા નથી, ઉપજે ન કંઇ -
સૂઝ ન ન્યાયની છતાં, તોલ્યા વિના રહેતા નથી!
(નિવેદન આગળ - ભાગવત)




ન્યાય ભાગોળે,
ઘરમાં કાપાકાપી -
નિવેદનોની..

એકતા નથી -
અંદરોઅંદર, ને -
ભાંગે ભારત!

## ચિંતન

**ન ચ રાત્રૌ સુખં શેતે સસર્પ ઇવ વેશ્મનિ ।**
**યઃ કોપયતિ નિદોર્ષ સદોષો અભ્યંતરંજનમ્ ॥**

વિદુરનીતિનો આ શ્લોક છે :

કહ્યું છે કે જે અન્ય પર દોષારોપણ કરે છે એવા ગુનાઇન માનસ ધરાવનારા રાત્રે ચેનની ઉંઘ લઇ શકતા નથી.

'જે દોષિત-અપરાધી જાતે જ ગુન્હેગાર હોવા છતાં પોતાનો દોષ નિર્દોષ-સ્વજન કે પરિચિત-આત્મીય પર દોષારોપણ કરીને તેને ખોટી રીતે ક્રોધાયમાન કરે છે. તેવો, જેમ સાપવાળા ઘરમાં કોઇ સુખેથી (નિશ્ચિત) સૂઇ ન શકે તેમ રાત્રે સુખપૂર્વક, નિશ્ચિંત સૂઇ નથી શકતો.'

લુચ્ચાં-દુષ્ટજનો પરિવારમાં - પોતાનો દોષ બીજાના પર ઢોળવાની વૃત્તિવાળાં હોય છે આવા ગુન્હા નાના - હોય કે મોટા બાહ્ય રીતે તો એ નિર્દોષ જાહેર થાય કે દોષિત ગણાતા નથી પરંતુ જાતે તો જાણે જ છે કે ભૂલ પોતાનાથી જ હતી તેથી એનો પોતાનાં અંતરાત્મા અંદરથી કોરી ખાય છે. અને પરિણામે રાત્રે ઊંઘ આવતી નથી. ગુન્હો એને અંદરથી વિહ્વળ બનાવે છે.

કોઇ પણ આત્માને ડંખે એવું કામ, નિર્ણય વર્તન આપણા અંતરાત્માને સતત ડંખ્યા જ કરે છે, બાહ્ય રીતે ભલે આપણે ચતુરાઇ પૂર્વક એ છૂપાવી શકીએ પણ શાંત-સૂખી-ચેનની ઉંઘનું બલિદાન અપાઇ જાય છે.'

## સુવિચાર

- જીવન એ સંઘર્ષ નહીં, પણ સંમતુલન છે, સંવાદ છે ગતિમાં, સ્થિતિમાં, લોકાંતમાં, એકાંતમાં, સંમતુલન હોય, એ જીવન છે **- ઓશો રજનીશ**
- તત્ત્વ જ્ઞાન આચરણમાં લાવવા માટે હોય છે, શાસ્ત્રાર્થ કે વાણી-વિલાસ માટે નહિ, જે તત્ત્વજ્ઞાન આચરણમાં ન લાવી શકાય તે નિરર્થક છે **- વિમલાતાઇ ઠકાર**
- સ્વાર્થ, ન્યૂનત્વની ભાવના, અજ્ઞાન અને પારકાપણું આ ચાર ભયનાં ઉદ્ગમ સ્થાન છે **- દત્તોપંત ઠેંગડી**
- મનને મારીને ન રહેવું જોઇએ, જે મનને મારીને રહે છે તે પહેલી હત્યા પોતાની કરે છે **- પાંડુરંગ શાસ્ત્રી**
- શંકાશીલ-વહેમીને કદી પણ શુધ્ધ પ્રેમની પ્રાપ્તિ થતી જ નથી **- દીનદયાળ ઉપાધ્યાય**
- સંપત્તિ વડે દેહને ખરીદી શકાય, સત્તા વડે દેહને દંડી શકાય, સ્નેહ વડે જ તેના હૃદય-દિલને જીતી શકાય **- વજુ કોટક**
- દરેક વ્યક્તિના જીવનમાં નિયમ-સિધ્ધાંત તો હોવા જ જોઇએ છતાંય 'સંજોગ' પ્રમાણે છૂટછાટ મૂકી શકાય, આ 'સંજોગ' ને અનુકૂલન (એડજસ્ટમેન્ટ) કહી શકાય **- સંત પુનિત**

## બોધ કથા

આપણે બધી વાતો પુરા છીએ. દંભ, જૂઠ, અસત્ય, વ્યસનો, અનિયમિતતા, ઠગાઇ-છેતરવું. તમામ - કેટલા દુર્ગુણ ગણાવું, દરેકમાં આપણે 'નંબર વન' છીએ. આપણા જીવ-આત્માનું કોઇ નિશ્ચિત ઠેકાણું નથી. અધ્યાત્મ આંટીઘૂંટીમાં આપણી ચાંચ ડૂબે નહીં, સંસારની ભવાટવિમાં ભટકીએ છીએ, ખૂદથી ખાવાયેલા છીએ.

એક લૂચ્ચો વેપારી, જે સરકારમાં દરેક કામ કેમ કઢાવવું, એની આવડતવાળો હતો એને એકદમ 'અધ્યાત્મ'નો ઉભરો આવ્યો. એક ભગતને મળી, ભગવાનને મળવાનો સરળ રસ્તો પૂછ્યો, કહ્યું ખર્ચની ચિંતા નથી.

ભગતે એને દક્ષિણેશ્વરનું ઠેકાણું બતાવ્યું. કહ્યું, ત્યાં એક પૂજારી 'રામકૃષ્ણ' રહે છે. તેને મળવા દરરોજ ભગવાન જાતે આવે છે ત્યાં 'લાગવગ' લગાડ -

વેપારી ગયો, 'રામકૃષ્ણ'ને કહ્યું, મને કોઇ પણ ઉપાયે ભગવાન સાથે તમારી જેમ વાતચીત કરવી છે, તમે ભગવાનને મારા ઘરનું સરનામું આપી દેજો, પોતાનું 'કાર્ડ' પકડાવી દીધું.

રામકૃષ્ણ પરમહંસે કાર્ડ વાંચી કહ્યું, આ તો તમારી સિમેન્ટ-લોખંડની ઇમારતનું સરનામું છે. ભગવાન કંઇ મકાન સાથે વાત કરવા નથી આવતા, એને તો પવિત્ર-નિર્મળ આત્માનું સરનામું આપવું જોઇએ. તમારો 'આત્મા' ક્યાં વસે છે એ સરનામું આપો!

વેપારીએ પોતાના 'આત્મા'ની પરિસ્થિતિ સમજાઇ અને જબરી ચોટ લાગી, પરમહંસનો અનુયાયી થઇ ગયો.

# નાની નાની વસ્તુઓમાં પણ ખૂબ જ ઝીણવટપૂર્વકનું આયોજન કરતાં, આ મહામાનવ કુમારપાળભાઇએ લાતુરના ધરતીકંપ વખતે અને કચ્છના ધરતીકંપ વખતે જે અદ્ભૂત સેવાકાર્ય કર્યું છે અને આજે પણ કરી રહ્યાં છે, તે જોતાં આપણને એમ લાગે કે કુમારપાળભાઇ એક વ્યક્તિ નથી, પણ જાણે એક જીવંત સંસ્થા છે

## અનોખું સેવાતીર્થ
## શ્રી વર્ધમાન સેવા કેન્દ્ર : ધોળકા

**- યશવંત કડીકર**

કચ્છની ભોમકા પર સર્જાયેલા ધરતીકંપની યાદ તો આજે પણ આપણા રૂંવાટા ખડા કરી દે છે. એ ધરતીકંપે સર્જેલ વિનાશની વાતો તો આજે પણ આપણા હૃદય - મનને ભીંજવી દે છે. પેલા કવિની પંક્તિઓ કરૂણાની ચરમસીમા બની, આજે પણ એ ક્ષણોની સ્મૃતિઓ આપણને હચમચાવી જાય છે.

જયારે ધરતી ધ્રૂજી ઊઠી છે.
જયારે કાળજાં કંપી ઊઠ્યાં છે
ત્યારે માનવતા મ્હોરી ઊઠી છે.
દયા કરૂણાની ભગીરથી સેરો
રેલાઇ રહી છે
ભાગ્યના ભેરૂઓ જાગૃત થયા છે.
કહેવાય છે કે લાખો મરજો
પણ લાખોનો તારણહારના મરશો
જીવનમાંતી જે જાય તેને જાવા દેજો
પણ બીજા માટે મરી ફીટવાની
તમન્નાઓએ ક્યારેય ન જાવા દેશો.
મારૂં જીવન અંજલિ થાજો
ભૂખ્યા કાજ ભોજન બનજો
અંતર કદી ના ધરજો
મારૂં જીવન અંજલિ થાજો.

ત્યારે આવા દીન-દુઃખિયાના વહારે દેશ-વિદેશની અનેક સંસ્થાઓ ધાઇ, એમાં મહત્ત્વનું પ્રદાન કરનારી આપણી એક વિશિષ્ટ સંસ્થા છે શ્રી વર્ધમાન સેવા કેન્દ્ર ધોળકા.

આ ધરતીકંપ પછીના સેવા કાર્યમાં વ્યસ્ત એનક સેવાધારીઓએ દિવસ-રાત જોયા વિના પોતાની જાતની પરવા કર્યા વિના, કપડાં બદલ્યા વિના, અને એક મહિનાથી ન્હાયા - ધોયા વિના, જેઓ આ સેવાયજ્ઞમાં લાગી રહેલા, સેવા શ્રી વર્ધમાન સેવા કેન્દ્ર - ધોળકાના સેવા ભાવી કાર્યકર્તાઓ અને સેવા પરાયણમાં સંસ્થાના પ્રમુખ શ્રી કુમારપાળ વી. શાહને બિરદાવવા તો શબ્દો પણ ઓછા પણ ઓછા પડે.

સંસ્થાની વિશિષ્ટતોને પણ સલામ કરવી પડે. આ સંસ્થા ક્યારેય દાન માટે અપીલ કરતી નથી. જાહેર ખબર આપતી નથી. આ સંસ્થાનો જયાં સાધુ - મહાત્માએ નથી પહોંચી શકતા તેવા તીર્થોમાં વર્ષમાં ઓછામાં ઓછાં શિબિરો યોજે છે.

આ સંસ્થાએ અગાઉ આંધ્રમાં બાપટલા, ગુન્ટુરમાં વાવાઝોડા વખતે અનેક સેવા કાર્ય કર્યું છે. ઓરિસ્સામાં કલાદાની ડિસ્ટ્રીકમાં અનુકંપાનું કાર્ય કર્યું છે, સૌરાષ્ટ્રમાં પોરબંદર, માંગરોલ વિગેરે જિલ્લામાં વાવાઝોડા વખતે સેવાનું કાર્ય કર્યું છે. આ ઉપરાંત બાંગ્લાદેશમાં જયારે પુર આવ્યું ત્યારે મોરબીમાં જયારે મચ્છુ ડેમ તૂટ્યો ત્યારે, લાતુર ઓસમાનાબાદ જિલ્લામાં જયારે ભૂકંપ આવ્યો ત્યારે, કંડલામાં વાવાઝોડાના સમયે અને જયારે જયારે આપણા ત્યાં ગુજરાતમાં દુષ્કાળ આવ્યો ત્યારે આ સંસ્થા એ જે સેવાની પરબ માંડી હતી અને આ સંસ્થાના પ્રમુખ કુમારપાળ ભાઇ અને એમનાં સાથી કાર્યકર મિત્રોએ દિવસ રાત જોયા વિના, સમર્પણ ભાવનાર્થ જે સેવા કરી હતી, તેની નોંધ ફક્ત ગુજરાત કે ભારતના જ દૈનિકો એજ નદી પણ વિશ્વની સમાચાર સંસ્થાઓને લીધી હતી. પ્રિન્ટ મીડિયા અને ઇલેક્ટ્રોનિક મીડિયાએ આ સંસ્થાના સેવાકાર્યોને મુક્ત પણે બિરદાવ્યા હતા. આ સંસ્થાની વિશિષ્ટતાઓ તો જુઓ, જયારે કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્રમાં ભૂકંપે તારાજી સર્જી, ત્યારે કુમારપાળભાઇએ, અને એમનાં સાથી મિત્રોએ પળનોયે વિલંબ કર્યા વિના એમનું સેવાકાર્ય આરંભી દીધું.

દિવસે 'ટેન્ટો'માં રહેવાનું, રાત્રે જીપની 'લીટ' પર સૂઇ જવાનું, વહેલી પહોઢે ઉઠી જવાનું, અને હાથ-મોં ધોઇ ટેબલ પર ગોઠવાઇ જવાનું, તે ઠેઠ રાતના અગિયાર વાગ્યા સુધી એમનું સેવાકાર્યનું આયોજન થતું જ રહે. એમના આ સેવા કાર્યમાં જોડાવા માટે તો મોટા મોટા મહારથીઓની વણથંભી વણઝાર ત્યાં ચાલજી જ રહે, ઉપરાંત લોકો આ સંસ્થાના કાર્ય જોઇને એવા તો પ્રભાવિત થાય છે કે છૂટા હાથે દાન તો આપે જ છે પણ, પોતે સેવાકાર્યમાં પણ જોડાઇ જાય.

ચાલો, આ મહામાનવના નેતૃત્વ હેઠળ થતાં સેવાકાર્યોની ઝાંખી પણ કરીએ.

**વર્ધમાન સેવાકેન્દ્ર દ્વારા ચાલતાં રસોડાં અને તેમાં જમનાર માણસો :**

| ગામ | | સંખ્યા |
|---|---|---|
| સામખીયાળી | ૨૦૦ | |
| રાપર | | ૧૫૦૦ |
| ભચાઉ | | ૧૩૦૦ |
| અંજાર | | ૮૦૦ |
| ભૂજ-આરાધના ભુવન | ૩૫૦૦ | |
| ભુજ - દાદાવાડી | | ૩૫૦૦ |
| ભુજ - શીવપારસ | | ૩૫૦૦ |

આ ઉપરાંત આ સંસ્થાએ અહીંયા ૫,૦૦૦ ધાબળાનું વિતરણ પણ કર્યું છે.

આ સમયે પાંજરાપોળની સ્થિતિ પર કફોડી હતી. ભૂકંપને કારણે દરેક પાંજરાપોળના પશુપાલકો ચાલ્યા ગયા હતા. ભૂખ્યાં તરસ્યા આ જાનવરોની વહારે આપણા કુમારપાળભાઇ પહોંચી ગયા, અને સો ઉપરાંત મજૂરોને રોકીને રોકીને દરેક પાંજરાપોળની વ્યવસ્થા સંભાળી લીધી અને પશુઓને સમયસર ઘાસ પાણી મળી રહે, તેવું સરસ આયોજન કર્યું.

આ ઉપરાંત બીજા પશુઓ, જેમનાં માલિકો કાં તો મકાનોમાં દટાઇ ગયા હોય, કે હોસ્પિટલમાં ભરતી થયા હોય, એમના માટે રોજ પંદર જેટલી ટ્રકો ભરી ઘાસ કચ્છમાં મંગાવવાનું શરૂ કરી દીધું. આ ઉપરાંત આ સેવાભાવી સંસ્થાએ, જૈન કુટુંબોના નિવાસ માટે ૧૦૦૦ ટેન્ટોની વ્યવસ્થા કરી અને જૈન સિવાયની અન્ય કોમો માટે પણ ૨૫૦૦ ટેન્ટ ફાળવ્યા.

કુમારપાળભાઇની દયાળુતાનો એક પ્રસંગ પણ નોંધપાત્ર છે. એકવાર આ ધ્યાનદૂતે આકાશ તરફ જોયું. ચારેકોર કબુતરો ઉડતા હતા. સાથી કાર્યકરો ઉડતા હતા. સાથી કાર્યકરોને આનું કારણ પૂછ્યું તો જાણવા મડ્યું કે, અહીંયા ચબુતરો ભૂકંપના કારણે નાશ પામ્યો છે. એટલે આ પક્ષીઓ ચણની શોધમાં આમ તેમ ઊડી રહ્યાં છે, અને તરત જ ચારેબાજુ ટેલિફોન કરી આ પક્ષીઓને ચણ મલે માટે જૂવારની ટ્રકો કચ્છમાં પહોંચતી થાય એવી વ્યવસ્થા કરી અને જુદા જુદા સ્થળે પંખીઓ માટે જૂવારનું વિતરણ નિરણ થાય એવું ગોઠવી દીધું. ઉપરાંત મકાનો ધરાશાયી થવાથી ગામના કૂતરા ભૂખે મરી રહ્યા હતા, તેમનાં માટે બાજરીના કોથળાનું વિતરણ કરીને ખાસ માણસો રોકીને, રોજ રોટલા ઘડીને કૂતરાઓને રોટલા ખવડાવવા માટેની પણ વ્યવસ્થા કરી.

નાની નાની વસ્તુઓમાં પણ ખૂબ જ ઝીણવટપૂર્વકનું આયોજન કરતાં, આ મહામાનવ કુમારપાળભાઇએ લાતુરના ધરતીકંપ વખતે અને કચ્છના ધરતીકંપ વખતે જે અદ્ભૂત સેવાકાર્ય કર્યું છે અને આજે પણ કરી રહ્યાં છે, તે જોતાં આપણને એમ લાગે કે કુમારપાળભાઇ એક વ્યક્તિ નથી, પણ જાણે એક જીવંત સંસ્થા છે.

આ સંસ્થાની અને આ સંસ્થાના પ્રમુખશ્રી કુમારપાળભાઇની સેવાઓને અંતરના ઉમળકાથી બિરદાવીએ આપણા આ કુમારપાળભાઇ અને એમના સહકાર્યકર્યાઓને પ્રભુ દીર્ઘાયુ, સુખમય સ્વાસ્થ્ય અને પ્રાણી માત્રની સેવા કરવા માટે ખૂબ ખૂબ શક્તિ બક્ષે એવી પ્રભુ પ્રાર્થના સાથે વિરમીએ.

**સરનામું : યશવંત કડીકર, એ/૧૨, શ્રી કિષ્ણા ટાવર, પહેલો માળ, બી.ડી. પટેલ, હાઉસ, નારણપુરા, નવજીવન પોસ્ટ, અમદાવાદ-૩૮૦૦૧૪**

# સભામાં સોપો પડી ગયો, હવે કોઇ ઊભું થવાની હિંમત કરતું નથી, બહુ વાર પછી દૂરના એક ખૂણામાંથી કોઇ છોકરો ઊભો થયો, એના શરીર પર પૂરાં કપડાં પણ નહિ

## શોભા અને સંતોષ

બાળવાર્તા

**- રમણલાલ સોની**

રાજકુંવરી શોભા જેવી રૂપાળી તેવી જ ચતુર હતી. કરે કે મારી પરીક્ષામાં પાસ થાય તેને હું પરણું. કેટલાયે રાજકુંવરો એની પાસે આવી ગયા, પણ કોઈ એની પરીક્ષામાં પાસ થયો નહી. ત્યારે રાજાએ જાહેર કર્યું કે રાજકુંવરીની પરીક્ષામાં પાસ થવા માટે રાજકુંવર હોવાની જરૂર નથી, કોઈ પણ માણસ આમાં ભાગ લઈ શકશે. મોટી સભા ભરાઈ. રાજકુંવરીએ સભામાં જાહેર કર્યું કે "જે ધનવાન હોય અને સાથે ગરીબ હોય, જે બળવાન હોય અને સાથે નિર્બળ હોય એવા વરને મારે વરવું છે. એવો વર નહિ મળે તો હું અહીંથી જ સંસારનો ત્યાગ કરી જઈશ!"

સભામાં કેટલાયે રાજકુંવરો, શ્રીમંતો ને શાહસોદાગરો હાજર હતા. બીજા માણસો પણ ઘણાં હતા. પહેલો ઊભો થયો મગધનો રાજકુમાર. તેના શરીર પર હીરામોતીનાં ઢગલો, આભૂષણો હતાં. તેણે કહ્યું : "હું ધનવાન છું તેની સાબિતી આ હીરામોતી, હું બળવાન છું તેની સાબિતી એ કે મારી પાસે એક લાખ માણસનું લશ્કર છે." પછી થોડીવાર અટકીને કહ્યું કહે : "હું આવો ધનવાન અને બળવાન છું છતાં ગરીબ છું ને નિર્બળ છું. કારણ કે જગતનું સૌતી મોટું ધન અને સૌથી મોટું બળ જે આ રાજકુંવરી તે મારી પાસે નથી!"

પછી ઊભો થયો લાટ દેશનો રાજકુમાર. કહે : "મારી પાસે એટલું ધન છે કે મારા એકસો હાથીને પણ મણ સોનાના શણગારે સજાવવામાં આવે છે. હું એવો બળવાન છું કે મેં એકલે હાથે લડીને યવનોની ફોજને હરાવી કાઢી છે. સાથે સાથે હું નિર્ધન છું ને નિર્બળ પણ છું, કારણ મારી પાસે ગમે તેટલું ધન હોય અને બળ હોય, પણ એ ધનનો કે બળનો કોઈ ભરોસો નહિ!" ફરી સભાજનોએ તાળીઓ પાડી. પણ રાજકુંવરીએ કહ્યું : "આ તો તમે તમારી ભવિષ્યની કલ્પિત નિર્ધનતાની ને નિર્બળતાની વાત કરી લાટનો કુંવર શરમાઈને બેસી ગયો."

પછી ઊભો થયો એક પંડિત. માથા પરની ચોટલીની ગાંઠ રમાડતાં એ બોલ્યો : "હું ધનવાન છું, કારણ કે હું બધાં શસ્ત્રોમાં પારંગત છું, હું બળવાન છું, કારણ કે હું ગુસ્સે થઈ શાપ દઈ શકું છું. સાથે હું ગરીબ છું ને નિર્બળ પણ છું. કારણ મારૂં ખિસ્સું ખાલી છે ને પેટ પણ ખાલી છે!" વળી સભાએ તાળીઓ પાડી. પણ રાજકુંવરીએ કહ્યું : "તમારૂં ધન બેકાર છે અને તમારૂં બળ કોઈ તમને ગુસ્સે કરે તો જ તમે દેખાડી શકો છો. ટૂંકમાં તમે નથી ધનવાન કે નથી બળવાન!" પંડિતજી ચોટલી પંપાળતા બેસી ગયા.

સભામાં સોપો પડી ગયો. હવે કોઈ ઊભું થવાની હિંમત કરતું નથી. બહુ વાર પછી દૂરના એક ખૂણામાંથી કોઈ છોકરો ઊભો થયો. એના શરીર પર પૂરાં કપડાં પણ નહિ. સભાની વચ્ચે આવીને ઊભો ને બોલ્યો : "હું ધનવાન છું, બળવાન છું, ગરીબ છું અને નિર્બળ પણ છું!"

રાજાએ કહ્યું : "એમ બોલવાથી કંઈ ન વળે, સાબિત કરી દેખાડવું પડે!"

જવાબમાં છોકરાએ ગજવામાંથી હથોડો ને સાણસી કાઢી કહ્યું : "આ રહ્યું મારૂં ધન! આ ધનથી હું ધનવાન છું, એવો ધનવાન છું કે મારા ધનની સહાયથી હું બીજા અનેકને ધનવાન કરી શકું છું. હું ખેડૂતને હળ બનાવી આપું છું. જેનથી એ ખેતી કરી ધાન પકડે છે અને ધન પૈદા કરે છે. હું રથના પૈડાના પાટા અને ઘોડાના પગની નાળ બનાવું છું. એનાથી યુધ્ધો જીતાય છે. આ મારૂં બળ છે. સાથે સાથે હું ગરીબ છું. મારો રોજનો રોટલો હું રોજ જાતે શ્રમ કરીને કમાઉં છું. હું નિર્બળ પણ છું કારણ કે હું વિનય, વિવેક અને નમ્રતાને છોડી શકતો નથી અને ગુસ્સો કરી શકતો નથી." ચારે બાજુ તાળીઓ તાલીઓ જ રહી. ખુદ રાજાએ પણ તાળીઓ પાડી. રાજકુંવરીના મોં પર પ્રસન્નતા હતી. હવે રાજાએ યુવાનને પૂછ્યું : "યુવાન, તારૂં નામ શું?"

યુવાને કહ્યું : "મારૂં નામ સંતોષ."

શોભાએ સંતોષની ડોકમાં વરમાળા પહેરાવી. આમ, શોભા સંતોષને વરી.

**- (રીડ ગુજરાતી ડોટ કોમ પરથી સાભાર)**


**વિદ્યાર્થીઓના સહવાસથી મને ખૂબ મળ્યું છે. કદાચ ગાંધીજીના સહવાસથી પણ એટલું બધું નહીં મળ્યું હોય. વિદ્યાર્થીઓ પાસેથી હું નમ્રતા શીખ્યો. પણ સૌથી મોટો લાભ તો મને એ થયો કે તેમના સહવાસને લીધે હું પવિત્રતા જાળવતાં શીખ્યો. મારૂં મન ઘણીવાર પડતા ઇચ્છે તો પણ વિદ્યાર્થીઓને લાયક બનવાના વિચારથી પડતો બચી જાઉં.**

**- કાકા કાલેલકર**


## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**


**૬મી જાન્યુઆરી**



● ૧૭૦૬ - વૈજ્ઞાનિક બેન્જામીન ફ્રેંકલીનનો રવિવારે બોસ્ટન શહેરમાં જન્મ.



● ૧૯૦૧ - ઇન્ડોનેશિયાની આઝાદી અપાવવામાં મહત્ત્વનો ફાળો આપનારા માજી પ્રમુખ ડો. સુકર્ણોનો જન્મ.



● ૧૯૧૯ - શિયાર્ડાર જુ રૂઝ્વેલ્ટનું અવસાન.

● ૧૮૩૩ - પ્રોફેટ પુસ્તકના લેખક ખલિલ જિબ્રાનનો જન્મ લેબેનોનના બશેરી ગામમાં થયો.

● ૧૯૭૮ - કનૈયાલાલ મુન્શીના પત્ની લીલાવતી મુન્શીનું અવસાન.

# બહુચર્ચિત લોકાયુક્તના કાયદા અંગે સમજૂતી

## વાત કાનૂન કાયદાની...

**- અશ્વિન વી. ત્રિવેદી**

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી લોકાયુકતની નિમણૂંક અંગે વાદ વિવાદ થયેલ છે જે રાજકીય રંગ અપાઇ બીજો રાજકીય લાભ લેવા પ્રયત્નો કરેલ છે. ત્યારે આમ જનતા માટે લોકાયુક્તથી શું ફાયદા છે તેની સમજ ખુબ જ જરૂરી છે.

ગુજરાતમાં લોકાયુક્તની નિમણૂંકને ગુજરાત સરકારે ગેરબંધારણીય ઠેરવી નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પડકારેલ જેને સુપ્રિમ કોર્ટે બહાલી આપતા તાજેતરમાં વિવાદ શરૂ થયાં છે.

લોકાયુક્તની નિમણૂંક બાદ ગુજરાત સરકાર સામે ગેરરીતિના આક્ષેપો વધશે, તેમજ પંચમાં ચાલેલા નિર્ણય લેવાયેલ કેસો અંગે પુનઃ તપાસની માંગ કરાશે.

લોકાયુક્તમાં પબ્લિક એડમિનિસ્ટ્રેશન, પોલીસ કમિશ્નરની કચેરી, મ્યુનિસિપલ કમિશ્નરની કચેરી, બોર્ડ નિગમો, કલેકટર કચેરીઓ, રાજકારણીઓ, કોર્પોરેટરો, પક્ષના નેતાઓ, એમ.એલ.એ. વગેરે દ્વારા આપવામાં આવતા ભ્રષ્ટાચારના વિરોધમાં કોઇ પણ સામાન્ય નાગરિક પર ફરિયાદ કરી શકે છે. પરંતુ કોઇ પણ ખાનગી વ્યક્તિ સામે લોકાયુક્તમાં ફરિયાદ ના થઇ શકે.

દા.ત. કોઇ એક વ્યક્તિએ આચરેલ જમીન કૌભાંડ માટે લોકાયુક્તમાં અરજી ના થઇ શકે. જાહેર સાહસો ચાલતાં ભ્રષ્ટાચાર અંગે લોકાયુક્તમાં ફરિયાદ થઇ શકે છે.

ફરિયાદ કરવા માટે સામાન્ય કાગળ ઉપર કૌભાંડની હકીકત વિગતવાર અરજી સ્વરૂપે લખિતમાં કરવી પડે છે. અરજીમાં સાથે અરજી કરનાર વ્યક્તિનું એફિડેવીટ સામેલ કરવું પડે અથવા તો લોકાયુક્ત જયારે બોલાવે ત્યારે પણ પુરાવાની કોપી આપી શકાય છે. જેના માટે ૧૦૦૦/- અરજી ફી લોકાયુક્ત તરફથી વસૂલવામાં આવે છે. આવી અરજી અખબારી અહેવાલનાં સંદર્ભમાં પણ કરી શકાય છે. કોઇ પણ વ્યક્તિ દ્વારા લોકાયુક્તને ફોન કરી (હેલ્પલાઇન નંબર ઉપર) કૌભાંડ કે ભ્રષ્ટાચારની વિગતો ટુ ધ પોઇન્ટ આપવામાં આવે તો લોકાયુક્ત દ્વારા આવા કૌભાંડની જાત માહિતી મેળવી સાચી હોય તો લોકાયુક્ત નોટીસ બજાવી કાર્યવાહી કરી શકે છે.

તકેદારી આયોગમાં ભ્રષ્ટાચાર બદલ સજા પામેલ વ્યક્તિ સામે રાજય સરકાર પગલા ના ભરે તો રાજય સરકાર વિરૂધ્ધ લોકાયુક્ત પગલાં ભરી શકે છે. લોકાયુક્તમાં સક્ષમ ફરિયાદ આવે તે પછી તેનો વિવિધ નિષ્ણાંતો દ્વારા અને જરૂર પડે તો ખુદ લોકાયુક્ત દ્વારા અભ્યાસ કરી તપાસ કરી અને પછી આક્ષેપવાળી વ્યક્તિને નોટીસથી બજવણી કરી જરૂરી પુરાવા બંને પક્ષો પાસેથી મેળવી, સાંભળી ફરિયાદ પુરવાર થાય તો લોકાયુક્ત રાજય સરકારને રીપોર્ટ આપે છે અને આવા રિપોર્ટના આધારે રાજય સરકાર પગલા લે છે. લોકાયુક્તની ભલામણ પછી રાજય સરકાર કસૂરવાર સામે પગલાં ના ભરે તો રાજય સરકાર પાસે લોકાયુક્ત બે માસ પછી એકશન ટેકન રિપોર્ટ માંગી શકે છે.

જસ્ટિસ શાહપંચ સમક્ષ ચાલેલા ભ્રષ્ટાચારના કેસો અંગે લોકાયુક્તમાં પુનઃ તપાસની માંગ થવાની સંભાવના રહેલ છે. રાજકીય કિન્નાખોરીથી આ તો દૂરપયોગ થવાની પુરેપુરી સંભાવના છે.

ગુજરાતમાં છેલ્લા ૮ વર્ષ ઉપરાંતથી લોકાયુક્ત જગ્યા ખાલી પડેલ જે અંગે રાજય સરકાર નિમણૂંક ના કરતા વિરોધપક્ષની માંગને લઇ ના. રાજયપાલે ડાયરેક્ટ લોકાયુક્ત તરીકે જસ્ટિસ મહેતાની પસંદગી કરેલ જેનો વિરોધ રાજય સરકારે કરેલ પરંતુ ન્યાયતંત્ર સામે રાજય સરકારની હાર થયેલ. જે ચુકાદાને સર્વમાન્ય ચુકાદા તરીકે ગુજરાત સરકારે સ્વીકારવાનો નિર્ણય કરેલ છે.

અગાઉ માધવસિંહજી સરકારમાં ૧૯૮૮ આ પહેલાં લોકાયુક્ત તરીકે જસ્ટિસ ડી.એચ. શુક્લ હતા ત્યાર બાદ બીજી લોકાયુક્ત તરીકે જસ્ટિસ આઇ.સી.ભટ્ટની નિમણૂંક કરેલ, કેશુબાપાની સરકારમાં ત્રીજા લોકાયુક્ત તરીકે જસ્ટિસ એસ.એમ.સોનીની નિમણૂંક કરવામાં આવેલ જેની મુદ્દત તા. ૨૪-૧૧-૦૩ ના રોજ પુરી થતાં આજદિન સુધી આ જગ્યા ખાલી રહેલ છે.

પરંતુ સરકાર પક્ષે રાહતની વાત એટલી છે કે સરકાર સામેના ભ્રષ્ટાચારના કેસો જસ્ટિસ એમ.વી. શાહ સમક્ષ ચાલી રહેલ છે. જે લોકાયુક્તમાં ચાલી શકાશે નહી. વિરોધ પક્ષે નવા મુદ્દા શોધવાની મહેનત કરવી પડશે. જયારે સરકાર પક્ષે સાવચેતીના પગલા લેવા પડશે, મંત્રીશ્રી સોલંકી અને સંઘાણી દ્વારા કથિત ભ્રષ્ટાચારના મુદ્દા લોકાયુક્તમાં ઉછાળવાની કોશિશ વિરોધ પક્ષ દ્વારા કરાશે.

ગોચર ખેતીની જમીન કે સહાય પ્રોત્સાહનની નીતિ અંગે રાજય સરકારે સમીક્ષા કરવી પડશે. ઉદ્યોગ માટે ગોચર સહિતની ખેતીની જમીન આપી શકશે નહીં. મેગા ઇન્ફ્રાસ્ટકચરની મુજબ આર્થિક કે લાભકારી સહાય કોઇ એક વ્યક્તિ કે ઉદ્યોગને કરી શકાશે નહીં સમુહને ફાયદો કે લાભ થાય તેવી નીતિ ઘડવી પડશે. જેની અસર આગામી વાઇબ્રન્ટ ૨૦૧૩ સબમીટ ઉપર થાય છે કે કેમ તે જોવાનું રહ્યું હવે જોવાનું એ રહ્યું કે જસ્ટીસ મહેતા આવો કાંટાળા તાજ પહેરવાની સહમતી દર્શાવ છે કે નહીં અન્ય રાજય કરતા ગુજરાતમાં લોકાયુક્તને ઓછું મહત્ત્વ અપાતું હતુ જે હવે પરિણામો બદલશે.